# AMANI TRADING AND EXPORTS LIMITED

Regi. Office address: 32, Milan Park Society, Near Jawahar Chowk, Maninagar, Ahmedabad 380008
Corporate Office Address: Unit No. 1,2,3,4 and 6th Floor, VB Capitol, S No. 209(P), CTS Pune MH 411007

CIN: L51100GJ1984PLC020026

Tel. No. 079-25462907 Email Id: amaniexports@yahoo.co.in Website: www.amanitrading.in

June 23, 2022

**To**
**BSE Limited**
P. J. Towers, Dalal Street,
Mumbai- 400 001

**Scrip Code: 512008**

Dear Sir/Madam

**Sub: Compliance pursuant to Regulation 30 & 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulation, 2015 ("Listing Regulations")**

Pursuant to Regulation 30 & 47 of the Listing Regulations, please find enclosed copies of Newspaper advertisement titled "Notice of Extraordinary General Meeting and e-Voting information", published in Free Press Journal (English) and Lokmitra (Gujrati) Newspapers today.

We request you to take the above information on record.

Thanking you

Yours faithfully

**For, AMANI TRADING AND EXPORTS LIMITED**

**UMESH KUMAR SAHAY**
**Director**
**(DIN: 01733060)**

AMANI TRADING & EXPORTS LTD. *

# અમદાવાદ મંડળ પર "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો




અમદાવાદ, પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં આજે તારીખ ૨૧.૦૬.૨૦૨૨ ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો. ભારત સરકારના આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ મુજબ ન્યૂ રેલવે કોલોની સાબરમતી ખાતે સ્થિત કોમ્યુનિટી હોલમાં સવારે ૦૬.૩૦ કલાક થી ૦૭.૪૫ કલાક સુધી યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના ૮મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે આપવામાં આવેલા સંદેશાનું સીધું પ્રસારણ કરવામાં આવ્યું. તે પછી યોગ ગૂરૂ શ્રી જી.એન.કપૂરના માર્ગદર્શનમાં રેલવે અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનોએ કોમન યોગા પ્રોટોકોલ હેઠળ આસન, પ્રાણાયામ તથા ધ્યાનથી સંબંધિત વિવિધ અભ્યાસોની તાલીમ આપવામાં આવી. આ અવસરે મંડળ રેલવે મેનેજર શ્રી તરૂણ કુમાર જૈને જણાવ્યું કે, "યોગને ના તો માત્ર રેલવે કર્મચારીઓએ પોતાના રોજીંદા જીવનમાં અપનાવવો જોઈએ, પરંતુ પોતાના પરિવારજનોને પર આ માટે પ્રોત્સાહિત કરવા જોઈએ જેથી તમામ લોકો શારીરીક અને માનસિક રૂપે સ્વસ્થ રહી શકે." યોગ અભ્યાસના આ કાર્યક્રમમાં મંડળના તમામ રેલવે અધિકારીઓ તેમજ કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. કાર્યક્રમનું આયોજન વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી હર્ષદ કુમાર વાણિયાના માર્ગદર્શનમાં વેલફેર નિરિક્ષણ ટીમ દ્વારા કરવામાં આવ્યું.

# સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ૪ દિવસ ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, દેશ સહિત ગુજરાતમાં હવે મેઘરાજાની એન્ટ્રી થઈ રહી છે ત્યારે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર જ્યાં આજથી વરસી શકે છે મૂશળધાર વરસાદ. આ આગાહી કરી છે હવામાન વિભાગે. હવામાન વિભાગના અનુસાર આજથી ચાર દિવસ દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ પડી શકે છે.

તો સૌરાષ્ટ્રના અમરેલી અને ગીર સોમનાથમાં પણ મન મૂકીને મેઘરાજા વરસશે. બીજા બાજુ માછીમારોને દરિયો ન ખેડવા પણ હવામાન વિભાગે સૂચના આપી છે. તો અમદાવાદ સહિત રાજયમાં આગામી ૫ દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે. જુનાગઢના ગીર વિસ્તારમાં ધોધમાર વરસાદ પડ્યો છે. તાલાલા, ખીરધાર, બાકુલા ધણેજ, ધ્રાબાવડ, લાડુડી, દેવ ગામ, જેપુર સહિત અનેક ગ્રામ વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો છે. તાલુકાભરમાં વાવણી લાયક વરસાદ પડવાથી ખેડુતોમાં ખુશીની લાગણી છવાઈ છે. જુનાગઢના વિસાવદર પંથકમાં પણ ધોધમાર વરસાદ પડ્યો છે. વિસાવદર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના ભારે વરસાદ પડ્યો છે. નાનાકોટડા, વાજડી, રૂપાવટી, ઉમરાળા,જૂની ચાવંડ, શીરવાણીયા સહિત આસપાસના ગ્રામ વિસ્તારમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો અને ધોધમાર વરસાદ વરસ્યો છે. જેના કારણે અનેક રોડ રસ્તાઓ પાણી પાણી થયા છે. જૂનાગઢ પંથકમાં ઠેર ઠેર વરસાદની સાથે ગિરનાર પર્વત પર પણ વરસાદી માહોલ જામ્યો છે. વરસાદને કારણે ગીરનાર પર્વતના આહલાદક દ્રશ્યો જોવા મળ્યા હતા. આ નયનરમ્ય નજારો જોવા લોકો ગીરનાર તળેટીએ પહોંચ્યા છે. જિલ્લાના વિસાવદરમાં દોઢ કલાકમાં સવા બે ઈંચ વરસાદ ખાબક્યો છે. શહેર અને ગ્રામ્ય પંથકમાં ભારે ઉકળાટ વચ્ચે ધોધમાર વરસાદ પડતા સોકોને ગરમીથી રાહત મળી. તો શહેરના રસ્તાઓ પર વહેતી નદી જેવા વરસાદી પાણી વહેતા થયા. તો આ બાજુ જુનાગઢના વિસાવદરમાં રેલવે અંડરબ્રિજમાં બસ ફસાઈ હતી. ધોધમાર વરસાદના કારણે વિસાવદરના અનેક વિસ્તારમાં પાણી ભરાયા છે. પરંતુ તેમ છતાં ધારી તરફ જતી ખાનગી બસના ચાલકે બસને અંડરબ્રિજમાં ઉતારી હતી.

# વિજયભાઈ પટોળાવાલા અમદાવાદમાં રજૂ કરે છે આકર્ષક વેડિંગ અને લાઈફસ્ટાઈલ એક્ઝિબિશન



અમદાવાદ, હવે આ વર્ષનું વેડિંગ અને લાઈફ સ્ટાઈલ એક્ઝિબિશન્સ શોકેસ સાથે વિજયભાઈ પટોળાવાલા શહેરના ફેશનચાહકોને સ્મિત અને ખુશીનું એક કારણ આપે છે. વરસાદને આવકારવા માટે પટોળાના કપડા પછી આનાથી વધુ સારી રીત કઈ છે અને તમારા આ પટોળાની કોતરણી માટે અમદાવાદમાં સિંધુ ભવન બેક્વેટ હોલમાં આજથી ૨૨-૨૩-૨૪ જૂન ૨૦૨૨ ૩-દિવસનું એક્ઝિબિશન સવારે ૧૦ થી સાંજના ૮ વાગ્યા સુધી પટોળા બાંધેજ અને અન્ય ૫૦ વેરિઅન્ટ સ્ટોલ સાથે શરૂ થઈ રહ્યું છે. આ જૂન મહિનામાં તેઓ ફરીથી લગભગ ભારતને આવરી લે છે વિજયભાઈ પટોલાવાલાએ લગભગ આખા ભારતમાં જેમ કે ગુવાહાટી, જમશેદપુર, સિલીગુડી, લખનૌ, સુરત, માટુંગા, કાનપુર, હૈદરાબાદ, મુંબઈ, બુર દુબઈ અને બીજા ઘણા અને કેટલાક આંતરરાષ્ટ્રીય સ્તરે પણ સફળ એક્ઝિબિશન કર્યા છે. ઈવેન્ટના આયોજક વિજયભાઈ પટોળાવાલાએ જણાવાયું હતું કે, "૧૯૭૦ થી પટોળાની વસ્તુઓના મેનુફેકચર, સેલેર અને એક્ઝિબિશન તરીકે પારિવારિક વારસો ધરાવેછે, જેમ કેપટોળા પ્રોડ્યૂક્ટર્સની વિશાળ શ્રેણી જેમાં ડૌલબે વણાટ પટોળા સાડી, સિંગલ વેવ પટોળાસાડી, સિંગલ વેવ પટોળા ડ્રેસ મટિરિયલ, ડબલ અને સિંગલ પટોળા વણાટનો સમાવેશ થાય છે. (૧૯-૮)

# ગ્રુપ લેન્ડમાર્કે ફોક્સક્સવેગનની નવી વર્ટસ કારનાં ૧૬૫ યુનિટની ડિલિવરી કરીને વિક્રમ સર્જ્યો

અમદાવાદ, આ મહિનાની શરૂઆતમાં ભારતમાં રૂ.૧૧.૨૨ લાખ (એક્સ શોરૂમ)ના ભાવે ઓફર કરાયેલી નવી ફોક્સવેગન વર્ટસની ડીલીવરી ગ્રુપ લેન્ડમાર્કે ભારતમાં ગુજરાત અને દિલ્હી એનસીઆરના ફોક્સવેગન શો-રૂમમાંથી આપવાનો પ્રારંભ કર્યો છે. ગ્રુપ લેન્ડમાર્કે વર્ટસની રિટેઈલ મજલની શરૂઆત વર્ટસ સેડાનની ગુજરાત અને દિલ્હી એનસીઆરમાં ૧૬૫ યુનિટની ડીલીવરી આપીને કરી છે. ગ્રુપ લેન્ડમાર્કનો પ્રથમ ફોક્સવેગન શોરૂમ વર્ષ ૨૦૦૮માં શરૂ થયો તે પછી અત્યાર સુધીમાં કુલ ૩૩,૦૦૦થી વધુ ફઉ કારની ડીલીવરી કરીને ગ્રુપ લેન્ડમાર્કની સિધ્ધિઓમાં વધુ એક ઉમેરો કર્યો છે. મેડ ઈન ઈન્ડિયા ફોક્સવેગન સેડાનની આ વર્ષની શરૂઆતમાં જાહેરાત કરવામાં આવી હતી અને ગયા મહિને તેનું પ્રિ-બુકીંગ શરૂ થયું હતું. ફોક્સવેગનના જર્મની એન્જીનિયરીંગની મજબૂતી ધરાવતી વર્ટસ સ્ઊમ્છ૭૦ૈંદ્બ પ્લેટફોર્મ આધારિત કાર છે અને તેમાં ૯૫ ટકા સ્થાનિક ઉત્પાદનનું સ્તર હાંસલ કરવામાં આવ્યુ છે. ભારતમાં ફોક્સવેગનની નવી વર્ટસ કારની ડીલીવરીના પ્રારંભ પ્રસંગે ગ્રુપ લેન્ડમાર્કના ચેરમેન અને સ્થાપક શ્રી સંજય ઠક્કરે જણાવ્યું હતું કે "ગ્રુપ લેન્ડમાર્કના વ્યાપક નેટવર્કનું પીઠબળ અને અદ્દભૂત દેખાવની ખાત્રી આપતી ફોક્સવેગનની આ નવી સેડાન ભારતમાં ધૂમ મચાવી ચૂકી છે. ૧૯૯૮થી ગ્રુપ લેન્ડમાર્ક તેના ગ્રાહકોને પ્રથમ દરજ્જાની સર્વિસીસ અને ખરીદીનો ઉમદા અનુભવ પૂરો પાડતી રહી છે.(૩-૧)

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at- Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-2 Published from 201-2, Nandan Com. Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahd-6 Edi.: Mayur Bhatt

## બેંક ઓફ ઈન્ડિયાએ ૨૧ જૂનથી ૨૮ જૂન દરમિયાન "શાખા અદાલત' ઝુંબેશ ફરી શરૂ કરી

૨૧.૦૫.૨૦૨૨ થી ૨૬.૦૫.૨૦૨૨ ની વચ્ચે "શાખા અદાલત" ઝુંબેશની અગાઉની આવૃત્તિની સફળતાએ, બેંક ઓફ ઈન્ડિયા (₹) એ ૨૧.૦૬.૨૦૨૨ થી ૨૮.૦૬.૨૦૨૨ દરમિયાન પાન ઈન્ડિયા સ્તરે ઝુંબેશને ફરીથી શરૂ કરવાનું નક્કી કર્યું. શાખા અદાલત પાછળનો ખ્યાલ કોવિડ-૧૯ રોગચાળા અથવા અન્ય કોઈ કારણથી પ્રભાવિત ઉધાર લેનારાઓને રાહત આપવાનો હતો, ખાસ કરીને કૃષિ, સ્જીસ્ઈ, છૂટક અને પર્સનલ લોન સેગમેન્ટ હેઠળ રૂ. ૫ કરોડ સુધીની બાકી લોન ધરાવનારાઓ. ઋણધારકોના પ્રોત્સાહક પ્રતિસાદને ધ્યાનમાં રાખીને, બેંક ઓફ ઈન્ડિયાએ ૨૧.૦૬.૨૦૨૨ થી ૨૮.૦૬.૨૦૨૨ દરમિયાન આયોજિત "શાખા અદાલત" ઝુંબેશ દ્વારા બેંકના ઋણ લેનારાઓને બીજી તક પૂરી પાડવાનો નિર્ણય કર્યો છે.

### અભયમની ટીમે બિહારની મહિલાની મદદ આવી

## અભયમની ટીમે બે દિવસથી કાલુપુર રેલ્વે સ્ટેશન પર બેસી રહેલ મહિલાની મદદ કરી

અમદાવાદ, બિહારથી નોકરીની શોધમાં મહિલા અમદાવાદ આવી હતી. નોકરી ન મળતા તે બે દિવસથી કાલૂપુર રેલવે સ્ટેશન પર બેસી રહી હતી. આ અંગે અભયમ મહિલા હેલ્પલાઈને કોલ મળતા તેઓ અને મહિલાની શોધખોળ હાથ ધરી હતી. ત્યાર બાદ તેને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે મોકલી દેવામાં આવી હતી. ઘર કંકાસ અને પતિ સાથે અણબનાવના કિસ્સામાં મહિલાઓ ઘર છોડીને નીકળી જતી હોય તેવા અનેક બનાવો સામે આવતાં હોય છે. ઘણી વખત તેમને પોતાની જિંદગી ટૂંકાવી દેવાનો વિચાર પણ આવતો હોય છે. મોટાભાગે આ પ્રકારના બનાવોમાં અન્ય રાજયમાંથી મહિલાઓ ગુજરાત આવતી હોવાના કિસ્સા સામે આવે છે. આવો જ એક કિસ્સો ફરીવાર અમદાવાદમાં સામે આવ્યો છે. બિહારથી અમદાવાદ આવેલી એક મહિલા કાલુપુર રેલવે સ્ટેશન પર રહેતી હતી અને નોકરી શોધી રહી હતી. અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમને કોલ આવ્યો હતો કે, એક અજાણી મહિલા રેલવે સ્ટેશન પર મળી આવી છે. આ કોલ મળતાં ની સાથે જ શાહિબાગથી અભયમની ટીમ રેસ્ક્યૂ વાન સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. અભયમની ટીમે મહિલાનું કાઉન્સેલિંગ કર્યું હતું. મહિલાએ અભયમની ટીમને જણાવ્યું હતું કે, તે બિહારના ભોજપુરની રહેવાસી છે. તે ઘરમાં કોઈને જાણ કર્યા વિના પાંચ દિવસથી ઘર છોડીને નીકળી ગઈ છે. છેલ્લા બે દિવસથી કાલુપુર રેલવે સ્ટેશન પર આવીને બેસી રહી છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનથી

## અમદાવાદ પોલીસે નવતર અભિગમ 'પહેલ'નો પ્રારંભ કર્યો

અમદાવાદ, મુખ્યમંત્રીએ આ પહેલ સેમિનારનો પ્રારંભ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી,અમદાવાદના મેયર કિરીટભાઈ પરમાર અને અમદાવાદ શહેર પોલીસ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ શહેર પોલીસે ટ્રાફિક નિયમન સરળતાથી થાય અને લોકોને વાહન ચાલનમાં વધુ સગવડતા માટે તે માટે લોકોના સૂચનો અને સહયોગથી એરીયા એડોપશન સ્કીમ પણ લોન્ચ કરી હતી આ સ્કીમ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં તબક્કા વાર લોન્ચ કરાશે. મુખ્યમંત્રીએ આ પ્રસંગે ક્હ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ સૌના સાથ સૌના વિકાસ સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ ના મંત્રથી સૌને સાથે લઈ વિકાસની જે દિશા લીધી છે તેને આ પહેલ થી વેગ મળશે. તેમણે નાનામાં નાના માનવી થી લઈને સૌ કોઇના સન્માન ને મહત્વપૂર્ણ ગણાવતા પોલીસ અને પ્રજા વચ્ચે સૌહાર્દ અને પરસ્પર સન્માન સભર વ્યવહાર માટે આહ્વાન કર્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સારા કર્મોની છાપ લોકોમા કાયમ રહેતી હોય છે એટલે સૌએ વાણી, વર્તન વ્યવહારમાં કર્મયોગ ભાવથી કર્તવ્યરત રહીને આ પહેલ દ્વારા સમગ્ર પોલીસ દળની ગરિમા છબી વધુ ઊંચી લઈ જવાની છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર પોલીસે તેમના નવતર અભિગમ "પહેલ"નો સોમવારના રોજ પ્રારંભ કર્યો છે. પોલીસ અને પ્રજા વચ્ચેના સંબંધો વધુ સૌજન્યશીલ,સૌહાર્દ પુર્ણ બને અને પોલીસ પ્રજાના મિત્ર તરીકે પ્રજા સાથે પ્રજા માટે પ્રજા પડખે છે તે ભાવના જન માનસમાં જાગે તે અંગે વિવિધ વિષય નિષ્ણાતો, પદાધિકારીઓ, પોલીસ અધિકારીઓ આ એક દિવસીયે મિનારમાં સામૂહિક ચિંતન મનન કરશે અમદાવાદ શહેર પોલીસના ૧૫૦ થી વધુ અધિકારીઓ આ એક દિવસીય સેમિનાર માં જોડાયા છે.

# વિશ્વ યોગ દિનની ઉજવણી



વી.વી. પટેલ વિદ્યામંદિર , ઈસનપુર, અમદાવાદ દ્વારા વર્તમાન સમયને ધ્યાનમાં લઈને શારીરિક તંદુરસ્તી દ્વારા માનસિક સ્વસ્થતા કેળવાય તે હેતુથી સંપૂર્ણ વ્યાયામ સેવા યોગ સપ્તાહનું આયોજન તેમજ વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવેલ છે.શાળાના વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા યોગ કરવામાં આવ્યા. વ્યાયામ એ કાયમીઆદત બને તે હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. તેમાં ભારતીય યોગ સંસ્થાના તેમજ સમાજના અગ્રણીઓ દિપ્તીબેન ભટ્ટ પ્રીતિબેન , બીનાબેન ભટ્ટ, રૂપા ઠક્કર જેવા અનેક યુવાનો પણ આ કાર્યક્રમમાં જોડાયા હતાં.

## શમશેરાના સ્ટાર કાસ્ટ રણબીર કપૂર, સંજય દત્ત, વાણી કપૂર દ્વારા વડોદરા ખાતે ટ્રેલર લોન્ચ કરશે




અમદાવાદ, YRFના એક્શન એન્ટરટેઈનર શમશેરાના સ્ટાર્સ ૨૪મી જૂનના રોજ ઈવા મોલ ખાતે વડોદરામાં ચાહકો અને મીડિયા સમક્ષ તેનું ટ્રેલર લોન્ચ કરશે. રણબીર કપૂરે તેની કારકિર્દીમાં પ્રથમ વખત ભવ્ય એક્શન એન્ટરટેઈનર શમશેરા સાથે લાર્જર-થી-લાઈફ હિન્દી ફિલ્મ હીરોની ભૂમિકા ભજવી છે. એક મેગા ફિલ્મ જે શ્રેષ્ઠ હિન્દી ફિલ્મોના આકર્ષણને સલામ કરે છે, શમશેરાનું મેગા ટ્રેલર મુંબઈ અને ઈન્દોરની સાથે વડોદરામાં પણ લોન્ચ થશે. રણબીર, જે બ્લોકબસ્ટર સંજુને ડિલિવર કર્યાના ચાર વર્ષ પછી મોટા પડદા પર આવી રહ્યો છે, તે સંજય દત્ત, વાણી કપૂર અને દિગ્દર્શક કરણ મલ્હોત્રાની બનેલી શમશેરાની આખી ટીમ સાથે ટ્રેલર લૉન્ચ કરવા ત્રણ અલગ-અલગ શહેરોની મુસાફરી કરવા તૈયાર છે. શમશેરાની સ્ટોરી કાઝાના કાલ્પનિક શહેરમાં સેટ કરવામાં આવી છે, જ્યાં એક યોદ્ધા આદિજાતિને નિર્દય સરમુખત્યારશાહી જનરલ શુધ સિંહ દ્વારા કેદ કરવામાં આવે છે, ગુલામ બનાવવામાં આવે છે અને ત્રાસ આપવામાં આવે છે. આ એક એવા માણસની સ્ટોરી છે જે ગુલામ બન્યો, એક ગુલામ જે નેતા બન્યો અને પછી તેની આદિજાતિ માટે દંતકથા. તે અવિરતપણે તેની આદિજાતિની સ્વતંત્રતા અને ગૌરવ માટે લડે છે. તેનું નામ શમશેરા છે. (૧૯-૮)

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ત્વરિત નિર્ણાયકતાનું વધુ એક દ્રષ્ટાંત

# બાલવા-માણસા માર્ગને ફોર લેન કરવાના કામો માટે ૪૦ કરોડ રૂપિયાની દરખાસ્ત માત્ર ૧ જ મહિનાના ટુંકાગાળામાં મંજૂર કરી

અમદાવાદ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પોતાની ત્વરિત નિર્ણાયકતાનો વધુ એક પરિચય આપતાં ખૂબ જ ઝડપી નિર્ણય લઈને બાલવા-માણસા રોડને ફોર લેન કરવા માટેની ૪૦ કરોડ રૂપિયાની દરખાસ્તને માત્ર ૧ જ મહિનાના ટુંકા સમયગાળામાં મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ માર્ગને ફોરલેન કરવાના કામો માટેની આપેલી મંજૂરીને પરિણામે ગાંધીનગર જિલ્લાના ૬ ગામોની અંદાજે ૨ લાખ ૩૧ હજાર જનસંખ્યાને ભવિષ્યમાં અવર-જવર માટે વધુ સુવિધાસભર માર્ગ મળશે. એટલું જ નહિ, મહેસાણા જિલ્લાના તેમજ માણસાથી વિહાર, કડા, કુકરવાડા અને વિજાપૂર વચ્ચે આવતા ગામોને પણ આ ફોરલેન રોડનો લાભ આવનારા દિવસોમાં મળશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના જિલ્લા-તાલુકાઓનો વ્યાપક પ્રવાસ કરીને સ્થાનિક પ્રશ્નો, વિકાસ કામોની, રજુઆતો અંગે પદાધિકારીઓ-અધિકારીઓ સાથે બેઠકો યોજવાનો ઉપક્રમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રી આ સંદર્ભમાં ગત તા.૧૯ મી મે એ માણસાની મુલાકાતે હતા અને ત્યાં તેમણે અધિકારીઓ-પદાધિકારીઓ સાથે યોજેલી બેઠકમાં આ બાલવા-ગાંધીનગર માર્ગને ૧૦ મીટર માર્ગથી ફોરલેન કરવા અંગેની રજુઆતો મળી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ લોકહિત રજુઆતોનો ત્વરિત સકારાત્મક પ્રતિસાદ આપતાં માર્ગ-મકાન વિભાગને બાલવા-માણસા માર્ગને ફોરલેન કરવાની કામગીરી હાથ ધરવા સૂચનાઓ આપી હતી. આ હેતુસર માર્ગ-મકાન વિભાગ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂ થયેલી રૂ. ૪૦ કરોડના કામોની દરખાસ્તને તેમણે મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં રાજ્ય સરકારના વિભાગોએ જનહિતકારી વિકાસ કામો સમયમર્યાદામાં સત્વરે હાથ ધરવાની જે કાર્ય સંસ્કૃતિ વિકસાવી છે તેને આ બાલવા-માણસા માર્ગને ફોરલેન કરવાની મંજૂરીથી વધુ બળ મળશે.

### ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર

# નવા સબ વેરિઅન્ટ બીએ.૨.૩૮ થી ગુજરાતમાં કોરોનાના કેસોમાં વધારો

અમદાવાદ, ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (જીબીઆરસી)ના ડેટા અનુસાર, છેલ્લા એક મહિનામાં કોવિડ દર્દીઓના ૪૩૧ નમૂનાઓનાં સંપૂર્ણ જીનોમિક સિક્વન્સિંગમાં કુલ ૨૨૩ એટલે કે ૫૨ ટકા નમુનામાં બીએ.૨.૩૮ સબ -વેરિઅન્ટ હોવાનું જણાયું હતું. ગુજરાતમાં બીએ.૨.૩૮ વેરિઅન્ટનો કેસ સૌથી પહેલા મે મહિનામાં નોંધાયો હતો. જૂનમાં તેનાં કેસો વધ્યા હતા. આ વેરિઅન્ટ અત્યારે ભારત સહિત અનેક દેશોમાં પ્રસરી રહ્યો છે. છેલ્લા એક મહિનાના ડેટામાં તે ૩૪ ટકા હોવાનું જણાયું છે. નિષ્ણાંતોનાં જણાવ્યા મુજબ મહારાષ્ટ્રમાં પણ બીએ.૨.૩૮નાં કેસો વધી રહ્યા છે. જેના કારણે કુલ દૈનિક કેસોમાં વધારો થયો છે. દિલ્હી અને કેરળમાં પણ તેનાં કેસો જોવા મળ્યા છે. ગુજરાતમાં જી.બી.આર.સી. દ્વારા સબ-વેરિઅન્ટનાં કરાયેલા વિશ્લેષણમાં પણ ૭ નમૂનાઓમાં બીએ.૫ અને ત્રણમાં બી.એ.૫ જોવા મળ્યો હતો. કેટલાક યુરોપિયન દેશોમાં કોવિડના કેસોમાં વધારો થવા પાછળ આ બંને સબ-વેરિઅન્ટને જવાબદાર ગણવામાં આવે છે.તેના કારણે દક્ષિણ આફ્રિકામાં પણ કેસોમાં વધારો થયો હતો. રાજયના સાયન્સ અને ટેકનોલોજી વિભાગનાં અધિકારીઓએ જણાવ્યું હતું કે, છેલ્લા એક મહિનામાં ગુજરાતમાંથી ઓમિક્રોનના ૧૫ સબ-વેરિઅન્ટ મળી આવ્યા છે, જેમાંથી મોટા ભાગના બીએ.૨માંથી મ્યુટેટ થયા છે. જીસીએસ મેડિકલ કોલેજના પ્રોફેસર અને માઈક્રોબાયોલોજીના વડા ડો.ઉર્વેશ શાહે જણાવ્યું હતું કે બીએ.૨.૩૮માં તેના પેરેન્ટ વેરિઅન્ટ બીએ.૨ની તુલનામાં સ્પાઈક પ્રોટીન પર બે સહિત પાંચ મ્યુટેશન છે. તેમણે જણાવ્યું હતું કે આ મ્યુટેશન તેના મૂળ વેરિઅન્ટની સરખામણીમાં ખાસ અલગ નથી.પરંતુ તેનું રોગચાળામાં મહત્વ છે, વૈશ્વિક ડેટાબેઝ અનુસાર, ભારતમાં સબ-વેરિઅન્ટનું પ્રમાણ સૌથી વધુ હોય તેવું લાગે છે, ત્યારબાદ યુકેનો ક્રમ આવે છે. કેસોમાં વધારા છતાં લોકો બૂસ્ટર ડોઝ લેતા નથી.રાજ્યના આરોગ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૮ થી ૬૦ વર્ષની વચ્ચેની ૪.૯૩ કરોડની વસ્તીમાંથી, ફક્ત ૧.૫ ટકા લોકોએ બૂસ્ટર ડોઝ લીધો છે, જ્યારે વરિષ્ઠ નાગરિકોમાં તેની ટકાવારી ૬૮ ટકા છે. અમદાવાદ મેડિકલ એસોસિએશન (એએમએ)ના પ્રમુખ ડો.કિરીટ ગઢવીએ જણાવ્યું હતું કે, હર્ડ ઈમ્યુનિટીની અસર ત્રણથી ચાર મહિના સુધી અનુભવાય છે. તેથી બૂસ્ટર ડોઝ જરુરી છે, અને અમે નાગરિકોને તે લેવા અપીલ કરીએ છીએ. જ્યારે બંને ડોઝ ચોક્કસપણે ગંભીર ચેપ સામે રક્ષણ આપે છે પરંતુ બૂસ્ટર એક વધારાનું રક્ષણ હોઈ શકે છે. તેમણે ઉમેર્યું હતું કે, કેસોમાં વધારો થતાં શહેરનાં કેટલાક ડોકટરોને ચેપ લાગ્યો છે. રાજ્યના કોવિડ ટાસ્ક ફોર્સના સભ્ય ડો.મહર્ષિ દેસાઈએ જણાવ્યું હતું કે માથાનો દુખાવો, શરીરમાં દુખાવો અને હળવા તાવ સાથે સુસ્તી જેવા લક્ષણો લગભગ ઓમિક્રોન જેવા જ છે. છેલ્લા કેટલાક દિવસોમાં, કેટલાક દર્દીઓને હોસ્પિટલમાં દાખલ થવાની સલાહ આપવામાં આવી હતી. જોકે એકંદરે હોસ્પિટલમાં દાખલ કરવા પડે તેવા કેસો ઓછા છે. તમ છતાં ફરી સાવચેતી રાખવાનો સમય આવી ગયો છે.

**મેસર્સ સિધ્ધી ડેવેલોપર્સ**

રજી. ઓફિસ સરનામું : એલેન્ઝા ક્રેસ્ટ, ગ્રાઉન્ડ ફ્લોર બી-૦૦૩, એચઓએફ લિવીંગ પાછળ, સિગ્મા કોરપોરેટ્સ ની બાજુમાં, સિંધુભવન રોડ, અમદાવાદ- ૩૮૦૦૫૯.

**ફોર્મ નં. યુઆરસી - ૨**

**ચેપ્ટર XXI ના પાર્ટ I હેઠળ રજીસ્ટ્રેશનની જાહેરાત માટે નોટીસ**

(કંપનીઝ (ઓથોરીઈઝ્ડ રજીસ્ટર)રૂલ્સ,૨૦૧૪ના કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને રૂલ ૪(૧)ના સેક્શન ૩૭૪(બી)ને અનુસરતા જાહેર નોટીસ આપવામાં આવે છે.

કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૩૬૬ ની પેટા કલમ (૨) ને અનુસરીને સૂચના આપવામાં આવે છે, એક અરજી રજીસ્ટ્રાર એટ્ સેન્ટ્રલ રજીસ્ટ્રેશન સેન્ટર (સીઆરસી) જે મેસર્સ સિધ્ધી ડેવેલોપર્સ એક ભાગીદારી પેઢી કંપની અધિનિયમ, ૨૦૧૩ ના અધ્યાય XXI ના ભાગ હેઠળ રજીસ્ટર થઈ શકે છે, જે કંપની શેર દ્વારા મર્યાદિત છે.

૧. કંપનીની મુખ્ય હેતુઓ માં કન્સ્ટ્રક્શન , કોન્ટ્રેક્ટર, બિલ્ડર અને ડેવેલોપર્સની લેન્ડ / બિલ્ડિંગ વગેરેના ટ્રેડિંગના કામ કરીએ છીએ.

૨. સૂચિત કંપનીના ડ્રાફ્ટ મેમોરેન્ડમ અને એસોસિએશનના લેખોની એક નકલ નિરીક્ષણ માટે કંપની ની ઓફિસ એટ્ **એલેન્ઝા ક્રેસ્ટ, ગ્રાઉન્ડ ફ્લોર બી-૦૦૩, એચઓએફ લિવીંગ પાછળ, સિગ્મા કોરપોરેટ્સ ની બાજુમાં, સિંધુભવન રોડ, અમદાવાદ- ૩૮૦૦૫૯. જોવા મળશે.**

૩.નોટીસ એ આથી આપવા માં આવે છે કે કોઈ પણ વ્યક્તિ આ અરજી સામે વાંધો ઉઠાવી શકે છે તે અંગે રજીસ્ટ્રાર એટ્ સેન્ટ્રલ રજીસ્ટ્રેશન સેન્ટર (સીઆરસી), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (આઈઆઈસીએ), કંપની પ્લોટ નં. ૬,૭,૮, સેક્ટર ૫, આઈએમટી માનેસર, જિલ્લો: ગુડગાંવ, (હરિયાણા), ભારત, ૧૨૨૦૫૦, ભારત આ નોટીસ પ્રકાશન તારીખથી ૨૧ દિવસની અંદર મળી જાય તે રીતે તેની નકલ કંપનીના રજીસ્ટર્ડ ઓફીસમાં આપવા ની રહેશે.

અરજીકર્તાના નામ
સહી/-
૧. દીપક બળદેવભાઈપટેલ
૨. મેહુલ બળદેવભાઈ પટેલ
૩. તારાબેન બળદેવભાઈ પટેલ

તારીખ : ૧૯ જુન , ૨૦૨૨.

**પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન**

**વાર્ષિક નિભાવ કોન્ટ્રાક્ટ**

**W.118/NIT/E-Tender/2022-23/1/WA તારીખ 15.06.2022. ઈ-ટેન્ડર આમંત્રિત કરતી નોટીસ** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસએન્ડટી), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલા કામો માટે ઇ-ટેન્ડર આમંત્રીત કરે છે. (I) **ટેન્ડર નં.: 6-2022R:** ભાવનગર ડિવિઝન: સ્ટેશનો અને એલસી ગેટ્સની જોડેલ યાદી અનુસારના સ્ટેશનો અને એલસી ગેટ્સ ખાતે ત્રણ વર્ષ માટે ડેટા લોગર્સ (ઇલેક્ટ્રોનિક્સ બનાવટના)ના સર્વગ્રાહી વાર્ષિક નિભાવ કોન્ટ્રાક્ટનું કામ. **(અંદાજીત પડતર ₹ 97,84,951.38/-)** બીડરોએ લીંક એટલે કે માત્ર www.ireps.gov.in મારફતે ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે વેબસાઈટ www.ireps.gov.in જોવા વિનંતી. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ **14.07.2022**ના **15.00** કલાક સુધીની છે. 19

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

**એન્જિનિયરિંગ વિભાગ**

**ઈ- ટેન્ડર નોટિસ નબંર DRM-BRC 034 to 035 of 2022-23;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004 દ્વારા નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ટેન્ડર આમંત્રિત છે : **અનુ. નં. (1) ; ટેન્ડર નં. અને કામનું નામ : DRM BRC 034 of 2022-23:** વડોદરા ડિવિઝન :- BRCP ખાતે અને BRCY ખાતે ડીઆરએમ ઓફિસમાં લૉન, ગાર્ડન, બંગ્લોઝ, ORH, હેરિટેજ પાર્ક, ન્યુ Ty V ક્વા., બ્લોક નં. 18/A થી 18/F અને પ્રતાપનગર ખાતે બંગલો નં. 7, વિશ્વામિત્રી કોલોની ખાતે ગાર્ડન નું મેન્ટેનન્સ , 21 મહિના માટે (પુન :આમંત્રિત) (R-1). **કામનો અંદાજિત ખર્ચ : ₹ 1,10,14,720.33; જમા કરાવવાની અર્નેસ્ટ મની : ₹ 2,05,100.00; અનુ. નં. (2) ; ટેન્ડર નં. અને કામનું નામ : DRM BRC 035 of 2022-23:** પ્રતાપનગર :- સિનિયર સેક્શન એન્જિનિયર (કાર્ય) પ્રતાપનગર ના અધિકારક્ષેત્ર હેઠળ ડીઆરએમ ઓફિસ પ્રિમાઈસીસમાં RO (1200 LPH) પ્લાન્ટ માટે વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રેક્ટ સિસ્ટમ (45 મહિના માટે એટલે કે 03 વર્ષ અને 09 મહિના માટે) (પુન :આમંત્રિત) (R-1). **કામનો અંદાજિત ખર્ચ : ₹ 5,94,734.94; જમા કરાવવાની અર્નેસ્ટ મની : ₹ 11,900.00; ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે : ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ટેન્ડર તા. 01.07.2022 ના રોજ 15:00 કલાક પહેલાં જમા કરાવવા અને તે એ જ દિવસે 15:30 કલાકે ખોલાશે. **વેબસાઈટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે અને ઓફિસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે:** વેબસાઈટ @ www.ireps.gov.in; ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુ એ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004.

W/623/NIT of 2022-23 dated 10.06.2022 43

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**અમની ટ્રેડિંગ એન્ડ એક્સપોર્ટ્સ લિમિટેડ**

રજી. ઓફિસ સરનામું : ૩૨ મિલન પાર્ક સોસાયટી, જવાહર ચૌક પાસે, મણિનગર, અમદાવાદ- ૩૮૦૦૦૮
કૉર્પોરેટ ઓફિસ સરનામું : યુનિટ નં. ૧,૨,૩,૪ અને ૬ઠો માળ, વીબી કેપિટલ,
એસ નં. ૨૦૯ (પી), સીટીએસ પુણે એમએચ ૪૧૧૦૦૭
સીન :L51100GJ1964PLC020026
ટેલી. નં. ૦૭૯- ૨૫૪૬૨૯૦૭ ઈમેઈલ આઈડી : amaniexports@yahoo.co.in
વેબસાઈટ : www.amanitrading.in

**વધારાની અસાધારણ સામાન્ય સભા અને ઈ- વોટીંગની નોટિસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપની એક્ટ ૨૦૧૩ ની કલમ ૧૦૦ અને ૧૦૧ની અને સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડિસ્ક્લોઝર રીક્વાયરમેન્ટ)રેગ્યુલેશન ૧૫ના રેગ્યુલેશન ૪૨ અને અન્ય લાગુ પડતા કાયદા અનેજોગવાઈઓનેઅનુસરી ને કંપની એ વધારા ની અસાધારણ સામાન્ય સભા (ઈજીએમ) શનિવાર, ૧૬ જુલાઈ, ૨૦૨૨ ના રોજ બપોરે -૩.૦૦ વાગે તેની કૉર્પોરેટ ઓફિસ યુનિટ નં. ૧,૨,૩, ૪ અને ૬ઠો માળ, વીબી કેપિટલ, એસ.નં. ૨૦૯(પી) સીટીએસ પુણે એમએચ -૪૧૧૦૦૭ માં વ્યવસાયનો વ્યવહાર કરવા માટે યોજાવાની છે. ઈજીએમની નોટીસ કંપનીના સભ્યોને એમના (કુરીયર/પોસ્ટ/ઈમેઈલ) મારફતે મોકલાવી દેવામાં આવી છે.

કંપની એક્ટ ૨૦૧૩ના (મેનેજમેન્ટ અને એડમીનીસ્ટેશન) અનુચ્છેદ ૧૦૮ અને નિયમ ૨૦૧૪ અને સમયાંતરે થતા રહેતા સુધારા કંપની તેમના સભ્યોને રીમોટ ઈ વાટીંગ ની સગવડ સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસ (ઈન્ડિયા) લીમીટેડ (સીડીએસએલ)ને આપેલ છે જે ઈજીએમ નોટીસ મા બધા રીઝ્યોલેશન સેટ આઉટ કર્યા છે અને સભ્યો ઈલેક્ટ્રોનિક મતદાન આપી શકે છે.

કંપની એક્ટ ૨૦૧૩ અને રૂલ્સ ની વિગત નીચે મુજબ અપનાવવાની રહેશે:

૧.જે સભ્યો ફીઝીકલ અથવા તો ડીમેટેલાઈઝ્ડ શેર્સ કટ ઓફ ડેટ ૦૯, જુલાઈ, ૨૦૨૨ સુધીમાં ધરાવતા હોય, કંપનીની ઈજીએમની નોટીસમાં તેમનો મત માટે રિમોટ ઈ- વોટીંગ અને મતદાન ની સુવિધા આપેલ છે.

૨. રિમોટ ઈ- વોટિંગ બુધવાર, ૧૩ જુલાઈ, ૨૦૨૨ ના રોજ સવારે ૯.૦૦ વાગે (આઈએસટી) શરૂ થશે અનેશુક્રવાર , ૧૫ જુલાઈ, ૨૦૨૨ના રોજ સાંજે ૦૫.૦૦ વાગે આઈએસટી તે પછી સીડીએસએલ દ્વારા ઈ-વોટિંગ માડ્યુલ બંધ કરી દેવાશે.

૩. ઈજીએમ નોટીસમાં મતદાન કરવાની રીતની વિગત કંપનીની વેબસાઈડ વિઝ. www.amanitrading.in પર ઉપલબ્ધ છે.

૪ .જે સભ્યો રિમોટ ઈ- વોટીંગ થી મતદાન કર્યુ હોય , તેઓ મીટીંગ માં હાજર રહી શકશે, તેઓ બીજીવાર મત આપવામાટે માન્ય ગણાશે નહીં, જેમને રિમોટ ઈ-વોટીંગ થી મતદાન નથી કર્યુ તેઓ ઈજીએમ ની મીટીંગ માં મતદાન માટે યોગ્ય ગણાશે.

૫. જો કોઈ સભ્યે એ કટ ઓફ તારીખ પહેલા શેર ધરાવેતો હોય અને નોટીસ રવાના થયા પછી કંપની નો સભ્ય બન્યો હોય તે ઈજીએમ ની નોટીસ માં જણાવ્યા પ્રમાણે ના સરનામા પર થી કંપનીના રજિસ્ટર અને શેર ટ્રાસફર એજેન્ટ પાસે થી તેમનો સિરીયલ નબર મેળવી શકે છે.

૬. રિમોટ ઈ- વોટીંગ બાબકતે કોઈ પણ પ્રશ્ન હોય તો સીડીએસએલ પીજે ટાવર , ૧૬મો માળ, દલાલ સ્ટ્રીટ મુંબઈ ફોર્ટ -૪૦૦૦૦૧, ટેલી. નં. ૧૮૦૦ ૨૦૦ ૫૫૩૩ અને ઈમેઈલ : helpdesk.evoting@cdslindia.com.

અમની ટ્રેડીંગ એન્ડ એક્સપોર્ટ્સ લીમીટેડ વતી
સહી/-
ઉમેશ કુમાર સહાય
ડિરેક્ટર
(ડિન : ૦૧૭૩૩૦૬૦)

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૨ જૂન, ૨૦૨૨

FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER

ફેડરલ બેંક લીમીટેડ, સેટેલાઇટ શાખા, આઈકોન-૨, મેડીલીન્ક હોસ્પિટલ સામે, સેટેલાઇટ, અમદાવાદ- ૩૮૦૦૧૫.

**ગોલ્ડ લોન- વેચાણ નોટીસ**

આથી તમામ સબંધિતો અને જાહેર જનતાની જાણ અર્થે નોટીસ આપી જણાવવામાં આવે છે કે ધ ફેડરલ બેન્ક લી. ની અમદાવાદની સેટેલાઇટ શાખામાં નીચે જણાવેલ ગોલ્ડ લોન ખાતાઓમાં ગીરો મુકવામાં આવેલ સોનાના આભુષણો છોડાવવા માટે સમયસર ચુકવણું કરવામાં આવેલ નથી અને વારંવાર નોટીસો આપવા છતાં ચુકવણું કરાયેલ ન હોઈ, જો તે ખાતાઓ તા. ૨૯/૦૬/૨૦૨૨ના રોજ અથવા તે પહેલા બંધ કરાવવામાં નહીં આવે તો ખાનગી વેચાણ દ્વારા વેચાણ કરવામાં આવશે.

| ગ્રાહકનું નામ | વજન (ગ્રામમાં) | ૨૨.૦૬.૨૦૨૨ ના રોજ લોનની રકમ |
|---|---|---|
| નિશાંતગીરી પ્રવિણગીરી ગોસ્વામી | ૩૫.૬ | ૬૫,૮૨૧/- |